JSW Colouron+ Premium Al-Zn Colour Coated Sheets · ISC Indian Steel Corporation Ltd. · durashine TATA BLUESCOPE STEEL · TATA SHAKTEE GC SHEET
ALEVATE PERFORMANCE AT ITS PEAK Aluminium Roofing Sheets
• Aluminium - Colour Coated, Corrugated Roofing Sheets
• Galvanised Plain Sheet - MS - CRC sheets
• Asian - Apollo - Tata Square Pipe & Round Pipe
• 60 & 80 Micron GI HOTDIP Pipe For Solar Roof Top
• Poly Carbonate, PVC Sheets & Roofing Accessories
STEEL TRADING COMPANY
MUGATLAL GROUP
Near Krishna Pertrolpump, Udhna Main Road, Surat.
Mobile : 7575882332, 7575053830
E-mail: info@steeltrading.in Webside: www.steeltrading.in

# ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રીઃ મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા

વર્ષોથી એક જ વિશ્વાસપાત્ર નામ
• TATA Durashine કલરકોટેડ પતરા
• TATA ગેલ્વેનાઇઝ્ડના પતરા
• JSW | મોરછાપ | Colouron+ પતરા
• JINDAL | સબરંગ તથા અન્ય બ્રાન્ડ
• ASIAN | APOLLO | NEZONE-MS | GI-PIPES
• સીમેન્ટ | પ્લાસ્ટીકના નાળવાળા | પ્લેન પતરા | સ્ક્રુ
• પોલીકાર્બોનેટ | PVC શીટ | રૂફીંગ એસેસરીઝ
durashine TATA BLUESCOPE STEEL · JSW Colouron+ Premium Al-Zn Colour Coated Sheets · TATA SHAKTEE GC SHEET
દલપતરામ ઝીણાભાઈ લોખંડવાળા & કું.
• અમારી અન્ય કોઈપણ ગોડાઉન/શાખા આવેલ નથી •
C/o. લોખંડવાલા એન્ટરપ્રાઈઝ
લીમડાચોક, રાજમાર્ગ, બાગળ નજીક, સુરત.
Mobile : 9925283880, 9825886009
E-mail : devdas2473@yahoo.co.in

માલિકઃ ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાનઃ ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ | e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગઃ ૨૫૯૯૯૯૧, ફેક્સઃ ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગઃ ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષઃ ૧૬૩ * * * સંવત ૨૦૮૨ વૈશાખ વદ દશમ મંગળવાર ૧૨ મે, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯ - અંક : ૧૬૯ પાનાં ૧૪ કિંમત ₹ ૫.૦૦

## સતત બીજા દિવસે, વડાપ્રધાને લોકોને ઇંધણ બચાવવા, સોનુ ખરીદવાનુ ટાળવા અપીલ કરી

# વિદેશી ચીજવસ્તુનો ઉપયોગ ઘટાડો : મોદી

**શિક્ષણ,** યુવા શક્તિ, મહિલા સશક્તિકરણ અને મેન્યુફેક્ચરિંગ ક્ષેત્રે ગુજરાતને ગણાવ્યું દેશનું ગ્રોથ એન્જિન

**વડોદરામાં** પીએમ મોદીની લોકોને ‘વોકલ ફોર લોકલ’ની સાથે જ સંયમિત જીવનશૈલી અપનાવવા અપીલ

**વડોદરા, તા. 11 :** અહીંના વાઘોડિયાચોકડી નજીક સરદારધામના લોકાર્પણ પ્રસંગે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દેશના આર્થિક, સામાજિક અને વૈશ્વિક પડકારોને ધ્યાનમાં રાખી દેશવાસીઓને આત્મનિર્ભરતા અને સંયમિત જીવનશૈલી અપનાવવાનો સંદેશ આપીને લોકોને આયાતી વિદેશી ચીજવસ્તુઓ પર નિર્ભરતા ઘટાડવા વિનંતી કરી હતી. તેમણે જણાવ્યું હતું કે વર્તમાન વૈશ્વિક પરિસ્થિતિમાં દેશની વિદેશી મુદ્રા ઉપર ભારણ ઓછું કરવું સમયની માંગ બની છે અને તે માટે ‘વોકલ ફોર લોકલ’ને જનઆંદોલન બનાવવું જરૂરી છે. વડાપ્રધાને કહ્યું હતું કે કોરોના મહામારી, વૈશ્વિક આર્થિક સંકટો અને પશ્ચિમ એશિયામાં વધતા સંઘર્ષોના કારણે સમગ્ર વિશ્વ પ્રભાવિત થયું છે અને ભારત પણ તેમાંથી અસ્પર્શિત નથી. આવી સ્થિતિમાં દેશના સામાન્ય નાગરિકો ઉપર ઓછામાં ઓછો બોજ પડે તે માટે સરકાર સતત પ્રયાસરત છે. તેમણે નાગરિકોને પેટ્રોલ-ડીઝલનો મર્યાદિત ઉપયોગ કરવા, મેટ્રો, ઈલેક્ટ્રિક બસ અને જાહેર પરિવહન તરફ વળવા, કારપૂલિંગને પ્રોત્સાહન આપવા તેમજ વર્ચ્યુઅલ મિટિંગ્સ અને વર્ક ફ્રોમ હોમ જેવી પદ્ધતિઓ

...અનુસંધાન પાના 13 પર

# સોમનાથ ભારતની અવિનાશી ચેતનાનું પ્રતિક : વડાપ્રધાન

**સોમનાથ** પ્રાણ પ્રતિષ્ઠાના 75 વર્ષની ઉજવણીમાં પીએમ મોદીએ સંબોધનની શરૂઆત જય સોમનાથના જયઘોષ સાથે કરી

**ગાંધીનગર :** પ્રભાસ પાટણ ખાતે આયોજિત સોમનાથ અમૃત મહોત્સવમાં પીએમ નરેન્દ્ર મોદીએ ભાવવિભોર સંબોધન કરતાં જણાવ્યું હતું કે સોમનાથ માત્ર એક મંદિર નથી, પરંતુ ભારતની અવિનાશી આત્મા, આધ્યાત્મિક શક્તિ અને રાષ્ટ્રીય સ્વાભિમાનનું જીવંત પ્રતિક છે. સોમનાથ મંદિરની પુનઃપ્રાણ પ્રતિષ્ઠાના 75 વર્ષ પૂર્ણ થવાના અવસરે આયોજિત કાર્યક્રમમાં સીએમ ભૂપેન્દ્ર પટેલ, ડે સીએમ હર્ષ સંઘવી, રાજ્ય સરકારના કેબીનેટ સભ્યો, સાંસદો, ધારાસભ્યો અને અનેક મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. પ્રધાનમંત્રી મોદીએ પોતાના સંબોધનની શરૂઆત “જય સોમનાથ”ના ગુંજતા જયઘોષ સાથે કરી હતી. તેમણે જણાવ્યું હતું કે પ્રભાસ પાટણનો સમગ્ર વિસ્તાર આધ્યાત્મિક ઉર્જાથી છલકાતો દેખાઈ રહ્યો છે. મંદિર પરિસરમાં વેદમંત્રો, શિવ પંચાક્ષરીના અખંડ પાઠ, સાગરની લહેરો અને

...અનુસંધાન પાના 13 પર




સોમનાથ અમૃત મહોત્સવમાં ભાગ લેતા પહેલા, સોમવારે વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ગુજરાતના ગીર સોમનાથ જિલ્લામાં એક રોડ શોનું આયોજન કર્યું હતું. પ્રખ્યાત સોમનાથ મંદિર પાસે હેલિપેડથી વીર હમીરજી સર્કલ સુધીના લગભગ 1.5 કિમીના માર્ગ પર મોટી સંખ્યામાં લોકો પીએમ મોદીનું સ્વાગત કરવા માટે લાઇનમાં ઉભા હતા. તેમનો કાફલો આ વિસ્તારમાંથી પસાર થતો હતો ત્યારે તેઓએ ધ્વજ લહેરાવ્યા અને સૂત્રોચ્ચાર કર્યા. પશ્ચિમ બંગાળ સહિત દેશના વિવિધ ભાગોના કલાકારોએ રૂટ પર નિયુક્ત સ્થળોએ પરંપરાગત નૃત્યો રજૂ કર્યા.

### “1947માં દેશ આઝાદ થયો, 1951માં સ્વાભિમાન જાગ્યુ”

પીએમ મોદીએ કહ્યું હતું કે 1947માં ભારતને રાજકીય આઝાદી મળી હતી, પરંતુ 1951માં સોમનાથ મંદિરની પુનઃપ્રાણ પ્રતિષ્ઠાએ ભારતના સાંસ્કૃતિક અને આધ્યાત્મિક સ્વાભિમાનનો ઉદ્ઘોષ કર્યો હતો. તેમણે જણાવ્યું કે સરદાર સાહેબે દેશની રિયાસતોને

...અનુસંધાન પાના 13 પર

### સોમનાથ મંદિર ઉપર એરફોર્સની સૂર્યકિરણ ટીમે ફેલાવી કેસરિયા અને ત્રિરંગાની આભા



**ગાંધીનગર :** ગુજરાતના પ્રભાસ પાટણ ખાતે આયોજિત સોમનાથ અમૃત મહોત્સવ દરમિયાન પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ભારતીય વાયુસેનાની ભારતીય વાયુદળની પ્રસિદ્ધ ‘સૂર્યકિરણ’ એરોબેટિક ટીમ દ્વારા રજૂ કરાયેલા ભવ્ય ફ્લાયપાસ્ટના સાક્ષી બન્યા હતા.સોમનાથ મંદિરના આકાશમાં સૂર્યકિરણ ટીમે અદભૂત એરોબેટિક પ્રદર્શન કરતાં કેસરિયા અને ત્રિરંગાની મનોહર

...અનુસંધાન પાના 13 પર

### પોખરણ પરીક્ષણ અને “ઓપરેશન શક્તિ”નો કર્યો ઉલ્લેખ

પ્રધાનમંત્રીએ 11 મે 1998ના પોખરણ પરમાણુ પરીક્ષણોની યાદ તાજી કરતાં જણાવ્યું કે દુનિયાભરના દબાણ વચ્ચે પણ ભારત ઝુક્યું નહોતું. તેમણે કહ્યું કે તે સમયની ભાજપ સરકાર અને અટલબિહારી વાજપાઈના નેતૃત્વએ સાબિત કર્યું હતું કે ભારત માટે “રાષ્ટ્ર પ્રથમ”

...અનુસંધાન પાના 13 પર

### અમૃત મહોત્સવમાં ગુંજયો ‘જય સોમનાથ’ નો નારો, PM મોદીએ કરી મહાપૂજા



**ગાંધીનગર :** ગુજરાતના પ્રભાસ પાટણ ખાતે આયોજિત સોમનાથ અમૃત મહોત્સવમાં પીએમ નરેન્દ્ર મોદી ઉપસ્થિત રહ્યાં હતા. પુનઃનિર્મિત સોમનાથ મંદિરના ઉદ્ઘાટનના 75 વર્ષ પૂર્ણ થવાના અવસરે વડાપ્રધાન મોદીએ સોમનાથ મંદિરે મહાપૂજા અને કુંભાભિષેક કર્યા હતા તેમજ સરદાર વલ્લભભાઈ પટેલને હૃદયપૂર્વક શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. પ્રધાનમંત્રીએ આજના પ્રસંગને પોતાના જીવનની સૌથી ભાવનાત્મક અને અવિસ્મરણીય ક્ષણોમાંની એક ગણાવી હતી. તેમણે જણાવ્યું હતું કે સોમનાથની પવિત્ર ધરા પર મહાદેવના ચરણોમાં મહાપૂજા અને કુંભાભિષેક કરવાનો અવસર તેમને અપાર આધ્યાત્મિક ઊર્જા અને શિવમય ચેતનાથી અભિભૂત કરી ગયો

...અનુસંધાન પાના 13 પર

### “સોમનાથને તોડી શકાયું, પરંતુ ભારતના આત્માને નહીં”

પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે મહમૂદ ગઝનવી, અલાઉદ્દીન ખિલજી જેવા અનેક આક્રમણકારોએ સોમનાથ મંદિરને નષ્ટ કરવાનો પ્રયાસ કર્યો, પરંતુ તેઓ ભારતની આધ્યાત્મિક શક્તિ સમજી શક્યા નહોતા. વારંવાર મંદિર તૂટ્યું, છતાં દરેક વખતે ફરી ઊભું થયું છે.તેમણે રાજા ભોજ, ભીમદેવ, કુમારપાળ, અહલ્યાબાઈ હોલ્કર, જામ સાહેબ દિગ્વિજયસિંહજી સહિત અનેક શિવભક્તોના યોગદાનને યાદ કર્યું. સાથે જ રાજેન્દ્ર પ્રસાદે અને કે.એમ. મુનશીના યોગદાનને પણ નમન કર્યું.

## દિલ્હી ડાયરી



### સુપ્રીમ કોર્ટમાં ગરમાગરમી

પશ્ચિમ બંગાળમાં મતદાર યાદીના સ્પેશિયલ ઇન્ટેન્સિવ રિવિઝન (એસઆઈઆર) ને લગતા મુદ્દાઓ પર સુપ્રીમ કોર્ટમાં સુનાવણી દરમિયાન માહોલ ઘણો ગરમાયો હતો. ખાસ કરીને તૃણમૂલ કોંગ્રેસના સાંસદ અને વરિષ્ઠ એડવોકેટ કલ્યાણ બેનર્જીએ ભારતીય ચૂંટણી પંચ (ઈસીઆઈ) પર આકરા પ્રહારો કર્યા હતા.

તેમના હુમલાઓને રોકવા અને તૃણમૂલ નેતાના આરોપોનો જવાબ આપવા માટે ચૂંટણી પંચ વતી વરિષ્ઠ એડવોકેટ ડી.એસ. નાયડુ હાજર રહ્યા હતા, જેમણે પણ વળતો પ્રહાર કરી બેનર્જીને તેમની જ ભાષામાં જવાબ આપવાનો પ્રયાસ કર્યો હતો. ત્યાર બાદ ભારતના મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંત, જસ્ટિસ જોયમાલ્ય બાગચી અને સોલિસિટર જનરલ તુષાર મહેતાએ મામલો શાંત પાડવો પડ્યો હતો. મુખ્ય ન્યાયાધીશે કહ્યું કે ત્યાં હાજર વરિષ્ઠ એડવોકેટ મેનકા ગુરુસ્વામી દરેકને મિલેટ (બાજરી-જુવાર) નું સરસ લંચ કરાવી શકે છે.

...અનુસંધાન પાના 13 પર

તા. ૧૧-૦૫-૨૦૨૬નું સુરત શહેરનું
**હવામાન**

| મહત્તમ | લઘુત્તમ | ભેજ |
|---|---|---|
| ૪૨.૨° સે. | ૨૮.૫° સે. | ૨૭% |

# સુવેન્દુના PAની હત્યામાં યુપી, બિહારમાંથી 3 ઝડપાયા

**બિહારમાંથી** બે અને યુપીમાંથી એકની ધરપકડ : કોર્ટે ૧૩ દિવસના પોલીસ રિમાન્ડ પર મોકલ્યા

**આ હત્યામાં** કુલ ૮ જણા સંકળાયેલા હોવાની શંકા

**કોલકાતા, તા. 11 (PTI):** પશ્ચિમ બંગાળ પોલીસે સોમવારે મુખ્યમંત્રી સુવેન્દુ અધિકારીના સહાયક ચંદ્રનાથ રથની હત્યાના સંબંધમાં ઉત્તર પ્રદેશ અને બિહારમાંથી ત્રણ વ્યક્તિઓની ધરપકડ કરી છે. તપાસકર્તાઓને એક શંકાસ્પદ વ્યક્તિ દ્વારા ટોલ પ્લાઝા પર કરવામાં આવેલા UPI ટ્રાન્ઝેક્શન દ્વારા મહત્વની કડીઓ મળી હતી.તપાસકર્તાઓએ આ પ્રગતિને મોટી સફળતા ગણાવી

...અનુસંધાન પાના 13 પર

### UPI દ્વારા ટોલ ટેક્સ ચુકવાતા પગેરું મળ્યું

તપાસ દરમિયાન જાણવા મળ્યું હતું કે, હુમલાખોરો દ્વારા ઉપયોગમાં લેવાયેલી શંકાસ્પદ કાર હત્યા પહેલા બાલી ટોલ પ્લાઝા પરથી પસાર થઈ હતી. અધિકારીએ જણાવ્યું કે કારમાં સવાર એક વ્યક્તિએ કથિત રીતે UPI દ્વારા ટોલ ટેક્સ ચૂકવ્યો હતો. અધિકારીએ કહ્યું, તે ડિજિટલ પેમેન્ટે

...અનુસંધાન પાના 13 પર

# હિમાચલમાં કાર ખીણમાં ખાબકતા ભાવનગરના પાંચ પર્યટકના મોત

**હિમાચલ** પ્રદેશ ફરવા ગયેલા ભાવનગરના સિંધી પરિવારને અકસ્માત નડ્યો

**સ્થાનિક** કાર ડ્રાઇવરનું પણ મોત, ચાર ગંભીર ઇજાગ્રસ્તો સારવાર હેઠળ

**શિમલા, તા. 11:** હિમાચલ પ્રદેશના ચંબા જિલ્લાના કાકિરામાં સોમવારે વહેલી સવારે એક કાર ઊંડી ખીણમાં ખાબકતા ગુજરાતના પાંચ પ્રવાસીઓ સહિત છ લોકોના મોત થયા છે, જ્યારે અન્ય ચાર

...અનુસંધાન પાના 13 પર



| મૃતકોના નામ | ઘાયલોના નામ |
|---|---|
| 1 લલિતભાઈ પટનાણી (ભાવનગર) | 1 મયંક પટનાણી (ભાવનગર) |
| 2 મમતાબેન પટનાણી (ભાવનગર) | 2 ફોરમ પટનાણી (ભાવનગર) |
| 3 પ્રિયંક ભોપાણી (ભાવનગર) | 3 જીયાંશ પટનાણી (ભાવનગર) |
| 4 કાજલ ભોપાણી (ભાવનગર) | 4 પ્રિયાંશી ભોપાણી (ભાવનગર) |
| 5 જસવંત કુમાર (હિમાચલ પ્રદેશ | |

# ટ્રમ્પે ઈરાનની દરખાસ્ત સંપૂર્ણ અસ્વીકાર્ય ગણાવી ફગાવી

**અમેરિકાની** દરખાસ્ત પર ઇરાનના જવાબરૂપી દરખાસ્તને અમેરિકી પ્રમુખે અયોગ્ય ગણાવી

**ઇરાન** સાથેનો યુદ્ધ વિરામ સૌથી નબળા તબક્કા પર પહોંચ્યો હોવાનું ટ્રમ્પે કહ્યું

**વોશિંગ્ટન, તા. 11 (PTI):** અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે મહિનાઓથી ચાલી રહેલા યુદ્ધને સમાપ્ત કરવાના ઈરાનના પ્રસ્તાવને “તદ્દન અસ્વીકાર્ય” ગણાવીને ફગાવી દીધો છે. તેમણે આ અંગે વધુ વિગતો આપી નથી, જ્યારે બીજી તરફ એક અગ્રણી રિપબ્લિકન નેતાએ તેમને “લશ્કરી વિકલ્પ” પર વિચાર કરવા વિનંતી કરી છે. રવિવારે ટ્રમ્પને ઈરાનનો પ્રસ્તાવ મળ્યો હતો. એવી આશા રાખવામાં આવી રહી હતી કે આનાથી ઈરાન સાથેના યુદ્ધને સમાપ્ત કરવામાં કોઈ મોટી સફળતા મળી શકે છે. આ યુદ્ધ 28 ફેબ્રુઆરીએ શરૂ થયું હતું, જેના કારણે વૈશ્વિક તેલ પુરવઠા માટેનો મુખ્ય દરિયાઈ માર્ગ બંધ થઈ ગયો છે અને કેટલાક દેશોમાં ઈંધણની અછત ઊભી થઈ છે. ટ્રમ્પે રવિવારે તેમના ટ્રુથ સોશિયલ પ્લેટફોર્મ પર લખ્યું, મેં હમણાં જ ઈરાનના કહેવાતા ‘પ્રતિનિધિઓ’નો જવાબ વાંચ્યો છે. મને તે પસંદ નથી આવ્યો - તદ્દન અસ્વીકાર્ય! અગાઉ, ટ્રમ્પે તેહરાન પર લગભગ 50 વર્ષોથી યુનાઈટેડ સ્ટેટ્સ સાથે રમત રમવાનો આરોપ લગાવ્યો હતો. તેમણે ઉમેર્યું, તેઓ હવે વધુ સમય હસી શકશે નહીં! દરમ્યાન, રિપબ્લિકન સેનેટર લિન્ડસે ગ્રેહામે કહ્યું છે કે ટ્રમ્પે હવે લશ્કરી પગલાઓ લેવા વિચારવું જોઈએ. ટ્રમ્પે એમ પણ જણાવ્યુ હતું કે ઈરાન સાથેનો યુદ્ધ વિરામ સૌથી નબળા તબક્કા પર પહોંચી ગયો છે અને તે લાઈફ સપોર્ટ પર છે. અમેરિકી મીડિયા આઉટલેટ ‘એક્સિઓસ’ સાથે વાત કરતા ટ્રમ્પે કહ્યું, મને તેમનો પત્ર ગમ્યો નથી. તે અયોગ્ય છે. મને તેમનો જવાબ પસંદ નથી.

...અનુસંધાન પાના 13 પર

# SIRથી ચૂંટણી પરિણામ પર અસર પડ્યાનો મમતાનો દાવો : સુપ્રીમે અરજી કરવા કહ્યું

**ઇલેક્શન** પિટિશન જ એકમાત્ર ઉપાયો હોવાની રજૂઆત કરનાર ચૂંટણી પંચને પણ નવેસરથી સોગંદનામુ કરવા સૂચના

**જ્યાં જીતનું** અંતર રદ થયેલા નામો કરતા ઓછું હોય તેવી બેઠકો માટે TMC નવી અરજી કરી શકે : સુપ્રીમ

**નવી દિલ્હી, તા. 11:** સુપ્રીમ કોર્ટે સોમવારે જણાવ્યું હતું કે પશ્ચિમ બંગાળના પૂર્વ મુખ્યમંત્રી મમતા બેનર્જી અને અન્ય લોકો તેમની તે રજૂઆત અંગે નવી અરજીઓ દાખલ કરી શકે છે જેમાં દાવો કરવામાં આવ્યો છે કે તાજેતરની વિધાનસભા ચૂંટણીમાં 31 મતવિસ્તારોમાં જીતનું અંતર મતદાર યાદીના વિશેષ સઘન સુધારણા(SIR) દરમિયાન રદ કરવામાં આવેલા મતો કરતા ઓછું હતું. ચીફ જસ્ટિસ સૂર્ય કાંત અને જસ્ટિસ જોયમાલ્યા બાગચીની આગેવાની હેઠળની બેંચ ‘SIR’ પ્રક્રિયા સંબંધિત અરજીઓની સુનાવણી કરી રહી હતી, ત્યારે વરિષ્ઠ વકીલ અને તૃણમૂલ કોંગ્રેસના સાંસદ કલ્યાણ બેનર્જીએ દલીલ કરી હતી કે આ સુધારણા પ્રક્રિયાએ પશ્ચિમ બંગાળમાં ચૂંટણીના પરિણામો પર નોંધપાત્ર અસર કરી છે. ચીફ જસ્ટિસ સૂર્ય કાંત અને જસ્ટિસ જોયમાલ્ય બાગચીની બનેલી બેન્ચે આ રજૂઆતની નોંધ લીધી હતી. આ પૂર્વે વરિષ્ઠ એડવોકેટ અને TMC સાંસદ કલ્યાણ બેનર્જીએ જસ્ટિસ બાગચીના અગાઉના અવલોકનનો ઉલ્લેખ કર્યો હતો, જેમાં કહેવાયું હતું કે જો જીતનું અંતર SIR દરમિયાન રદ થયેલા નામોની સંખ્યા કરતા ઓછું હોય, તો કોર્ટ આ ફરિયાદોની તપાસ કરી શકે છે. તેમણે દાવો કર્યો હતો કે આવી 31 બેઠકો હતી. ચૂંટણી પંચ તરફથી હાજર રહેલા વરિષ્ઠ એડવોકેટ ડી. એસ. નાયડુએ બેનર્જીની રજૂઆતનો

...અનુસંધાન પાના 13 પર

### માલ્દીવે ભારતને 5 કરોડ ડોલરનું બીજું ટ્રેઝરી બિલની ચુકવ્યું

**માલે, તા. 11 (PTI):** માલ્દીવ ભારતને ૫ કરોડ ડોલરના ટ્રેઝરી બિલની ચુકવણી કરી દીધી છે, તેમ પ્રમુખ મોહમ્મદ મુઈઝુએ સોમવારે જણાવ્યું હતું, તેમ સ્થાનિક મીડિયા અહેવાલમાં જણાવાયું છે. આ પગલાનો ઉદ્દેશ્ય દેશના બાહ્ય દેવાના બોજને ઘટાડવાનો છે. ભારત દ્વારા સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા (SBI) દ્વારા સબ્સ્ક્રાઈબ કરાયેલા ટ્રેઝરી બિલ્સ – જેને ‘ટી-બિલ્સ’ પણ કહેવામાં આવે છે – તેના દ્વારા માલ્દીવને આ નાણાકીય સહાય પૂરી પાડવામાં આવી હતી. સોમવારે

...અનુસંધાન પાના 13 પર

### ટ્રમ્પ આવતીકાલથી ચીનની મુલાકાતે

**બેઇજિંગ.** ચીની ટ્રમ્પ શી જિનપિંગના આમંત્રણ પર અમેરિકી ટ્રમ્પ ડોનાલ્ડ ટ્રમ્પ ૧૩ થી ૧૫ મે દરમિયાન ચીનની સત્તાવાર મુલાકાત લેશે, તેમ ચીની વિદેશ મંત્રાલયના પ્રવક્તાએ સોમવારે જાહેરાત કરી હતી. લગભગ નવ વર્ષમાં કોઈ અમેરિકી ટ્રમ્પની આ પ્રથમ ચીન મુલાકાત હશે. ટ્રમ્પ પોતે ૨૦૧૭માં તેમના પ્રથમ કાર્યકાળ દરમિયાન ચીનની મુલાકાત લેનારા છેલ્લા અમેરિકી ટ્રમ્પ હતા. આ મુલાકાત એવા સમયે થઈ રહી છે જ્યારે પશ્ચિમ એશિયામાં અમેરિકા-ઈઝરાયેલ અને ઈરાન વચ્ચે લાંબા સમયથી યુદ્ધ ચાલી રહ્યું છે, હોર્મુઝની સામુદ્રધુનીમાં નાકાબંધીને કારણે વૈશ્વિક ઉર્જા સંકટ ઊભું થયું છે, અને તાઈવાન સહિતના અનેક

...અનુસંધાન પાના 13 પર